# નાયબ મામલતદાર / નાયબ સેકશન ઓફિસર : 2015

1. ભારતના ક્રિકેટના ઓપનિંગ ટેસ્ટ ખેલાડી વિજય મરચન્ટની મૂળ અટક શું હતી?
(અ) ભાટિયા (બ) **ઠાકરસી** (ક) દેસાઈ (ડ) આચાર્ય
2. ગુજરાત સરકારની મુખ્યમંત્રી 'મા-વાત્સલ્ય યોજના'માં લાભ મેળવનાર કુટુંબની આવક મર્યાદા કેટલી છે?
(અ) Rs. 1,50,000/- (બ) Rs. 60,000/- (ક) Rs. 75,000/- (ડ) **Rs. 1,20,000/-**
3. ધોરણ 8 ના 40 વિદ્યાર્થીઓએ ગણિતમાં મેળવેલા ગુણની સરાસરી 45 છે. જો દરેક વિદ્યાર્થીના ગુણમાં 2 ઉમેરવામાં આવે તો નવી સરાસરી કેટલી થશે?
(અ) 90 (બ) 42 (ક) 43 (ડ) **47**
4. ગુજરાતના કયા ખૂણામાં અંબાજી (આરાસુર) આવેલું છે?
(અ) વાયવ્ય (બ) **ઈશાન** (ક) અગ્નિ (ડ) નૈઋત્ય
5. ગુજરાતમાં પ્રચલિત જૂની મહેસૂલી પદ્ધતિ મુજબ 1 (એક) વીઘા બરાબર કેટલા ચોરસ મીટર થાય?
(અ) **2378 ચોરસ મીટર** (બ) 2900 ચોરસ મીટર (ક) 2792 ચોરસ મીટર (ડ) 1436 ચોરસ મીટર
6. 1લી જાન્યુઆરી 2015થી લીથુવાનિયાએ 'યુરો' ચલણ અપનાવતાં હવે કુલ કેટલા દેશોનું ચલણ 'યુરો' થયું છે?
(અ) **19** (બ) 25 (ક) 21 (ડ) 20
7. નીચે મનુષ્યનાં સૂક્ષ્મ શરીરનાં ચક્રો અને તત્ત્વની માહિતી આપી છે તે પૈકી કઈ સાચી નથી?
(અ) મૂલાધાર - પૃથ્વી તત્ત્વ (બ) **સ્વાધિષ્ઠાન - વાયુ તત્ત્વ**
(ક) મણિપૂર - અગ્નિ તત્ત્વ (ડ) અનાહત - જલ તત્ત્વ
8. કયા પ્રજીવકની ઊણપથી વાંઝિયાપણું ઉદ્ભવી શકે છે?
(અ) **વિટામીન ઈ** (બ) વિટામીન બી (ક) વિટામીન સી (ડ) વિટામીન ડી
9. હાલમાં ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જાતિઓના કલ્યાણ કાર્યક્રમ હેઠળ UPSC મેઈન્સ પરીક્ષા પાસ કરનારને કેટલી સહાય આપવામાં આવે છે?
(અ) **Rs. 25,000** (બ) Rs. 60,000 (ક) Rs. 50,000 (ડ) Rs. 30,000
10. નીતિ પંચના અધ્યક્ષ પદે કોણ હોય છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) કાયદા મંત્રી (ક) નાણાં મંત્રી (ડ) **વડાપ્રધાન**
11. દાંડી કૂચનું ચિત્રાલેખન કરી આલબમ બનાવનાર ચિત્રકાર કોણ હતા?
(અ) સોમાલાલ શાહ (બ) રવિશંકર રાવળ (ક) બંસી વર્મા (ડ) **કનુ દેસાઈ**
12. ઊર્જા ક્ષેત્રે 'ગુજરાતની જ્યોતિગ્રામ યોજના' જેવી યોજના ભારતમાં કયા નામથી રજૂ થઈ છે?
(અ) દીનદયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના (બ) ડો. શ્યામાપ્રસાદ મુખરજી જ્યોતિગ્રામ યોજના
(ક) માલવિયા ગ્રામ જ્યોતિ યોજના (ડ) પ્રધાનમંત્રી જ્યોતિ ગ્રામ યોજના
13. કયા પંખીનું અંગ્રેજી નામ 'હુપો' છે?
(અ) કાબરો કલકલિઓ (બ) **ઘંટીટાંકણો** (ક) જળમુરઘી (ડ) કુંજ
14. બ્રિટિશ ગવર્નર જનરલ ચાર્લ્સ મેટકાફે ગ્રામ પંચાયતોની આપેલ ઓળખ અંગે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?
(અ) **નાના પ્રજાસત્તાક એકમો** (બ) લોકશાહી વિકેન્દ્રીકરણ
(ક) પંચાયતી રાજ (ડ) પંચ ત્યાં પરમેશ્વર
15. 'આમુખ' એ ભારતીય બંધારણનો આત્મા છે તેવું કોણે ગણાવ્યું હતું?
(અ) ડો. આંબેડકર (બ) મહાત્મા ગાંધીજી (ક) **જવાહરલાલ નહેરુ** (ડ) સરદાર પટેલ
16. તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યા નક્કી કરવાની સત્તા કોની પાસે છે?
(અ) પંચાયત વિભાગના સચિવ (બ) જિલ્લા વિકાસ અધિકારી
(ક) કલેક્ટર (ડ) **વિકાસ કમિશનર**
17. ગુજરાતમાં અણુ શક્તિ આધારિત પાવર સ્ટેશન ક્યાં આવેલું છે?
(અ) **કાકરાપાર** (બ) પાનન્ધ્રો (ક) ધુવારણ (ડ) ઉકાઈ

18. સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનોની જમાવટ અમુક જ હાથોમાં થતી અટકાવવાની જોગવાઈ ભારતીય સંવિધાનના કયા અનુચ્છેદમાં છે?
(અ) અનુચ્છેદ 45 (બ) અનુચ્છેદ 38 (ક) **અનુચ્છેદ 39** (ડ) અનુચ્છેદ 42

19. 18 નવેમ્બર, 2014માં શરૂ થયેલ 'કિસાન વિકાસ પત્ર'માં કેટલા સમયમાં રોકાણ કરેલ રકમ બમણી થશે?
(અ) **100 માસ** (બ) 60 માસ (ક) 72 માસ (ડ) 85 માસ

20. સૌથી મોટા મેદાનની જરૂર કઈ રમતને પડે છે?
(અ) હેન્ડબોલ (બ) ક્રિકેટ (ક) ફૂટબોલ (ડ) **પોલો**

21. ગરમીના દિવસોમાં સ્વયં ખેડાતી જમીન કઈ?
(અ) કાંપની જમીન (બ) વન્ય જમીન (ક) **કાળી જમીન** (ડ) લેટેરાઈટ જમીન

22. બ્રિક્સ (BRICS) બેંકનું વડું મથક ક્યાં નક્કી કરવામાં આવ્યું છે?
(અ) બેંગકોક (બ) દિલ્હી (ક) **શાંઘાઈ** (ડ) કાઠમંડુ

23. કેન્દ્ર સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણના પ્રસાર અને ગુણવત્તા સુધારણા સંબંધી કઈ યોજના શરૂ કરાઈ છે?
(અ) KCG (બ) SSA (ક) **RMSA** (ડ) RUSA

24. જીગર અને અમી કયા સાહિત્યકારની રચના છે?
(અ) **ચુનીલાલ શાહ** (બ) ચુનીલાલ મડિયા (ક) ચં. ચી. મહેતા (ડ) ચુનીલાલ મહેતા

25. નીચે જરથોસ્તી ધર્મની માહિતી આપી છે જેની યોગ્ય જોડનો સાચો ક્રમ કયો થશે?

| | |
|---|---|
| 1. મુખ્ય દેવ | અ. મોબેદ |
| 2. મુખ્ય ગ્રંથ | બ. અહુરમઝદ |
| 3. મુખ્ય પ્રાર્થના | ક. ઘેબર |
| 4. ધર્મગુરુ | ડ. ઝંદ |
| | ઈ. અહૂનવર |

(અ) 1 - ઈ, 2 - ક, 3 - ડ, 4 - બ (બ) **1 - બ, 2 - ડ, 3 - ઈ, 4 - અ**
(ક) 1 - ક, 2 - ઈ, 3 - બ, 4 - અ (ડ) 1 - ડ, 2 - બ, 3 - અ, 4 - ક

26. કયો ગ્રહ બીજા ગ્રહો કરતાં 'ઊંધી દિશામાં ધરીભ્રમણ' કરે છે?
(અ) **શુક્ર** (બ) બુધ (ક) વરુણ (ડ) શનિ

27. લશ્કરની કાર્યવાહી સિવાય અન્ય હેતુઓ માટે ઉપયોગમાં લઈ શકાય તેવી સબમરીન 'પીસ મેકર'નો આવિષ્કાર કોણે કર્યો હતો?
(અ) જોન. પી. હોલંડ (બ) **પ્રોફેસર જોસિયા ટક** (ક) કોર્નેલિયસ વોન ડ્રેબેલ (ડ) ડેવિડ બુશનેર

28. ભારતને પોલિયોમુક્ત દેશ કોણે જાહેર કર્યો છે?
(અ) વલ્ડ બેંક (બ) યુનેસ્કો (ક) ઈન્ટરપોલ (ડ) **વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન**

29. નવનિર્માણ આંદોલન દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી પદે કોણ હતા?
(અ) **ચીમનભાઈ પટેલ** (બ) માધવસિંહ સોલંકી (ક) હિતેન્દ્ર દેસાઈ (ડ) બાબુભાઈ પટેલ

30. ભાવનગર જિલ્લાના મહુવા વિસ્તારમાંની પ્રખ્યાત કેરીની જાત સંબંધમાં નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?
(અ) દસેરી (બ) કેસર (ક) **જમાદાર** (ડ) લંગડો

31. કયા મચ્છરો હાથીપગના રોગના જંતુઓનો ફેલાવો કરે છે?
(અ) સ્ટેગોમિયા (Stegomyia) (બ) એનોફિલીસ (Anopheles)
(ક) **ક્યુલેક્સ ફટિગન્સ (Culex Fatigue)** (ડ) એઈડીસ (Aedes)

32. ગુજરાતમાં 'પંચાયતી રાજ'નો અમલ કઈ તારીખથી થયો?
(અ) 1/04/1966 (બ) 1/05/1960 (ક) **1/04/1963** (ડ) 1/05/1963

33. ગુજરાતની સૌથી પહેલી સુતરાઉ કાપડની મિલના સ્થાપક કોણ હતા?
(અ) **શેઠ રણછોડભાઈ છોટાલાલ** (બ) વાલચંદ હીરાચંદ
(ક) અંબાલાલ સારાભાઈ (ડ) દુર્ગારામ

34. ભવાઈ મંડળીના મોવડીને કયા નામે ઓળખવામાં આવે છે?
(અ) **નાયક** (બ) દાદુ (ક) રંગલા (ડ) ઠાકર

35. ડો. અમૃતા પટેલનું કયા ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન રહ્યું છે?

(અ) સંગીત (બ) સાહિત્ય (ક) ચિત્રકળા (ડ) **ડેરી ઉદ્યોગ**

36. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતાનું અકસ્માતથી અવસાન કયા યુદ્ધકાળ વર્ષ દરમિયાન થયું હતું?
(અ) ઈ.સ. 1948 (બ) ઈ.સ. 1962 (ક) **ઈ.સ. 1965** (ડ) ઈ.સ. 1971

37. ભૌતિક વિજ્ઞાનમાં સમગ્રતયા વિદ્યુત તટસ્થ વર્તણૂક ધરાવતા તથા સૂર્યના તાપમાને (લગભગ 108° સે) અસ્તિત્વ ધરાવતા ધન અને ઋણ વીજભાર ધરાવતા તથા તટસ્થ કણોના સમૂહને શું કહેવામાં આવે છે?
(અ) લેસર (બ) ફોટોન (ક) ન્યુટ્રોન (ડ) **પ્લાઝ્મા**

38. બિલિયર્ડની રમત માટે પહેલો અર્જુન એવોર્ડ કયા ખેલાડીને આપવામાં આવ્યો હતો?
(અ) ઓમ અગ્રવાલ (બ) ગીત શેઠી (ક) માઈકલ ફરેરા (ડ) **વિલ્સન જોન્સ**

39. ગુજરાતમાં સૌ પ્રથમ રાષ્ટ્રપતિ શાસન કઈ સાલમાં લદાયું?
(અ) **ઈ.સ. 1971** (બ) ઈ.સ. 1973 (ક) ઈ.સ. 1970 (ડ) ઈ.સ. 1975

40. 'ઈંધણા વીણવા ગૈ'તી મોરી સૈયર' ગીતના રચયિતા કવિ કોણ છે?
(અ) મણિલાલ પટેલ (બ) **રાજેન્દ્ર શાહ** (ક) સુરસિંહજી ત. ગોહિલ (ડ) મોહનલાલ પટેલ

41. કઈ માછલીઓમાં નર ઈંડાને મોઢામાં લઈને ફલિતાંડોનો વિકાસ કરે છે?
(અ) વામ (બ) જળઘોડા (ક) બુલહેડ (ડ) **બિડાલમીન**

42. પીચ : : ક્રિકેટ : : એરીના : : ?
(અ) **જિમ્નાસ્ટીક** (બ) બેડમિન્ટન (ક) ટેનિસ (ડ) કુસ્તી

43. નીચેની માહિતીને સમયાનુક્રમ મુજબ ગોઠવતાં સાચો ક્રમ કયો થશે?
1. શતાબ્દિ સમારોહ 2. વર્ષગાંઠ 3. સુવર્ણ જયંતિ 4. રજત જયંતિ 5. હીરક જયંતિ
(અ) 5 - 4 - 1 - 3 - 2 (બ) 4 - 3 - 1 - 1 - 5 (ક) **2 - 4 - 3 - 5 - 1** (ડ) 3 - 1 - 5 - 4 - 2

44. મચ્છુ નદીના વહેણ સંદર્ભે ઉદ્‌ગમથી અંતનો સાચો ક્રમ કયો થાય?
1. માળિયા મિયાણા 2. કચ્છનો અખાત 3. આણંદપુર પાસેની ટેકરીઓ
4. મોરબી 5. વાંકાનેર
(અ) **3 - 5 - 4 - 1 - 2** (બ) 5 - 3 - 4 - 2 - 1 (ક) 3 - 4 - 1 - 2 - 5 (ડ) 4 - 3 - 2 - 1 - 5

45. બારડોલી કયા ઉદ્યોગ માટે જાણીતું છે?
(અ) **ખાંડ** (બ) કાપડ (ક) કટલરી (ડ) કાગળ

46. ભારતરત્ન મેળવનાર પ્રથમ ખેલાડી કોણ છે?
(અ) સલીમ દુરાની (બ) સુનીલ ગાવસ્કર (ક) ચેતન શર્મા (ડ) **સચિન તેંડુલકર**

47. સંસદમાં દ્વિ-ભાષી રાજ્યનો ઠરાવ સ્વીકારાતાં કયા દિવસે અમદાવાદની લો કોલેજમાં વિદ્યાર્થીઓની સભામાં 'પગલાં સમિતિ'ની રચના કરવામાં આવી હતી?
(અ) 1 મે, 1960 (બ) **7 ઓગસ્ટ, 1956** (ક) 19 ઓગસ્ટ, 1956 (ડ) 1 નવેમ્બર, 1956

48. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા કયા કેસમાં 'અખબારી સ્વાતંત્ર્ય' વિશે સ્પષ્ટતા કરવામાં આવી છે?
(અ) ધરમદત્ત વિ. યુનિયન ઓફ ઈન્ડિયા
(બ) **બેનેટ કોલેમેન એન્ડ કાં. વિ. યુનિયન ઓફ ઈન્ડિયા**
(ક) યુનિયન ઓફ ઈન્ડિયા વિ. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ
(ડ) એ. કે. ગોપાલન વિ. સ્ટેટ ઓફ મદ્રાસ

49. મે માસનો કયો દિવસ 'વિશ્વ તમાકુ નિષેધ દિન' તરીકે ઉજવવામાં આવે છે?
(અ) **31 મે** (બ) 1 મે (ક) 15 મે (ડ) 17 મે

50. ભારતીય સંવિધાનના અનુચ્છેદ 51 (ક) (જ)માં ભારતના દરેક નાગરિકની કઈ ફરજનો નિર્દેશ થયો છે?
(અ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ, જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની.
(બ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં તેમ કરવાની.
(ક) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની.
(ડ) **જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુ-પક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની.**

51. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે નીચે પૈકી કયા મહાનુભાવે તે સ્થાન શોભાવેલ નથી?
(અ) **પંકજ દેસાઈ** (બ) ગણપતભાઈ વસાવા (ક) કુંદનલાલ ધોળકીયા (ડ) હરિશ્ચંદ્ર પટેલ

52. સૌપ્રથમ રંગીન ગુજરાતી ફિલ્મ કઈ હતી?
(અ) ભવની ભવાઈ (બ) મહેંદી રંગ લાગ્યો (ક) **લીલુડી ધરતી** (ડ) જેસલ તોરલ

53. બેક્ટેરિયાનો નાશ કયો વાયુ કરે છે?
(અ) કાર્બન મોનોક્સાઈડ (બ) આર્ગોન (ક) **ક્લોરિન** (ડ) ઓક્સિજન

54. 3, 5, 8 અને 24 સેકન્ડના નિયમ કઈ રમતના ભાગ છે?
(અ) ચક્ર ફેંક (બ) વોલીબોલ (ક) **બાસ્કેટ બોલ** (ડ) ફૂટબોલ

55. 7 મીટર લંબાઈના દોરડાથી ખૂંટે બાંધેલી ગાય એક ચક્કર મારતાં કેટલા મીટર અંતર કાપશે?
(અ) 88 (બ) 7 (ક) 77 (ડ) **44**

56. ધારો કે 24 = 6; 34 = 7 હોય તો, 64 = ………. ના ઉત્તરમાં નીચેના પૈકી કયો જવાબ સાચો છે?
(અ) 12 (બ) 8 (ક) 9 (ડ) **10**

57. નવરચિત મહીસાગર જિલ્લાનું મુખ્ય મથક કયું છે?
(અ) સંતરામપુર (બ) બાલાસિનોર (ક) વીરપુર (ડ) **લુણાવાડા**

58. તેલંગાણા દેશનું કેટલામું રાજ્ય બન્યું?
(અ) 30 (બ) 27 (ક) 28 (ડ) **29**

59. ગુજરાત સરકારની શિક્ષણ સંબંધિત યોજનાઓમાં નીચે પૈકીની કઈ યોજનાઓ સમાવેશ થતો નથી?
(અ) ગુણોત્સવ - 2009 (બ) ચાઈલ્ડ મેપીંગ સીસ્ટમ - 2004-05
(ક) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજન - 2002-03 (ડ) **વિદ્યા સહાયક - 1998**

60. પરીક્ષાર્થીને પાસ થવા માટે 33 ટકા ગુણ જરૂરી છે. આ પરીક્ષામાં રમેશ 280 ગુણ મેળવે છે અને 17 ગુણથી નાપાસ થાય છે. તો આ પરીક્ષા કુલ કેટલા ગુણની હશે?
(અ) 800 (બ) 600 (ક) **900** (ડ) 700

61. મહી નદીનો 'મહીન્દ્રી' તરીકે ઉલ્લેખ કરનાર કોણ?
(અ) રવિશંકર મહારાજ (બ) ટોલેમી (ક) **અલબરૂની** (ડ) ઝવેરચંદ મેઘાણી

62. ભારતે કયા યુદ્ધગ્રસ્ત દેશમાંથી નાગરિકોને ઉગારવા માટે 'ઓપરેશન રાહત' હાથ ધર્યુ હતું?
(અ) વિયેતનામ (બ) ઈરાક (ક) **યમન** (ડ) અફઘાનિસ્તાન

63. 'સકરટેટી' સંદર્ભે આપેલી નીચેની માહિતીમાંથી કઈ માહિતી સાચી નથી?
(અ) દુનિયાના ઉષ્ણ કટિબંધીય પ્રદેશોમાં મોટા પાયે વાવેતર થાય છે.
(બ) દ્વિદળી વર્ગમાં આવેલા કુકર બિટેસી કુળની એક વનસ્પતિ છે.
(ક) વર્ષાયુ, આરોહી કે ભૂપ્રસારી શાકીય વનસ્પતિ છે.
(ડ) **લખનૌની 'ચુમૈરી' અને 'કલાચી' જાણીતી જાતો છે.**

64. લાઈ ડિટેક્ટર (Lie Detector)નું ટેક્નિકલ નામ શું છે?
(અ) કેલીગ્રાફ (બ) સ્ટેલીગ્રાફ (ક) **પોલીગ્રાફ** (ડ) ફોનીગ્રાફ

65. ગ્રામ પંચાયતની પ્રથમ બેઠકની તારીખ કોણ નક્કી કરે છે?
(અ) મામલતદાર (બ) સરપંચ (ક) તલાટી કમ મંત્રી (ડ) **તાલુકા વિકાસ અધિકારી**

66. 'રાપર' તાલુકા સંદર્ભે કઈ બાબત સાચી નથી?
(અ) કચ્છના મહારાવે વૃક્ષો અને ઘાસયુક્ત 'રાખાલ' તરીકે ઓળખાતો જંગલનો પટ્ટો તૈયાર કરાવ્યો હતો.
(બ) તેની ઉત્તર તરફ કચ્છનું મોટું રણ છે.
(ક) તાલુકાની બાદરગઢ પાસેની ટેકરીમાંથી લાકડિયાવારી નદી નીકળે છે.
(ડ) **ડંભુડા ગામ નજીકની ટેકરીમાંથી સુતઈ નદી નીકળે છે, જે 40 km વહી કચ્છના નાના રણમાં સમાઈ જાય છે.**

67. મધ્યસ્થ મગફળી સંશોધન સંસ્થાન, જૂનાગઢની સ્થાપતના ક્યારે થઈ હતી?
(અ) ઈ.સ. 1968 (બ) **ઈ.સ. 1956** (ક) ઈ.સ. 1959 (ડ) ઈ.સ. 1965

68. ઓલિમ્પિક રમતોત્સવમાં હોકીની રમતમાં ભારતને ગોલ્ડ મેડલ અપાવનાર કેપ્ટનોને, ઓલિમ્પિકના કાળ ક્રમ અનુસાર મૂકો.
1. બલબીર સીંઘ 2. શંકર લક્ષ્મણ 3. ધ્યાનચંદ 4. ચરનજીત સીંઘ
(અ) 4 - 2 - 1 - 3 (બ) **3 - 1 - 4 - 2** (ક) 2 - 4 - 1 - 3 (ડ) 3 - 1 - 2 - 4

69. ………. વય જૂથનાં બાળકોને ભારતના બંધારણથી મફત અને ફરજિયાત શિક્ષણ આપવામાં આવે છે.

(અ) 3 થી 9 વર્ષ (બ) **6 થી 14 વર્ષ** (ક) 5 થી 13 વર્ષ (ડ) 4 થી 10 વર્ષ

70. "પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના" (PMSBY) સંદર્ભે નીચે પૈકી કઈ બાબત લાગુ પડતી નથી?
(અ) એક આંખ અથવા એક હાથ અથવા એક પગ ગુમાવવાના કિસ્સામાં Rs. 1 લાખનું વીમા રક્ષણ.
(બ) 18 થી 70 વર્ષની વયના બેંક ખાતેદારો આ યોજનાનો લાભ લઈ શકશે.
(ક) અકસ્માત મૃત્યુના કિસ્સામાં Rs. 2 લાખનું વીમા રક્ષણ આપવામાં આવશે.
(ડ) **વાર્ષિક Rs. 330ના પ્રીમિયમથી આ યોજનાનો લાભ મળી શકે છે.**

71. મધર ટેરેસાને કયું પારિતોષિક એનાયત થયું હતું?
(અ) કલીંગ પ્રાઈઝ (બ) બુકર પ્રાઈઝ (ક) પદ્મશ્રી (ડ) **નોબેલ**

72. કોંગ્રેસ મોવડી મંડળ સમક્ષ ઈ.સ. 1959માં 'ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે ભાવાત્મક એકતા સ્થાપાઈ નથી' એવો અભિપ્રાય કોણે આપ્યો હતો?
(અ) ફઝલ અલી (બ) મોરારજી દેસાઈ (ક) ઠાકોરભાઈ દેસાઈ (ડ) **યશવંતરાવ ચવ્હાણ**

73. મહુડાના તેલનો નીચેના પૈકી કઈ બાબત માટે ઉપયોગ નથી થતો?
(અ) સ્ટિયરીક એસિડના ઉત્પાદનમાં કાચા માલ તરીકે
(બ) કબજિયાત અને મસામાં રેચક તરીકે
(ક) **પશુ ખોરાક માટેના ખોળ તરીકે**
(ડ) ધોવાના સાબુ બનાવવા માટે

74. ગુજરાતનાં પ્રથમ મહિલા શિક્ષણમંત્રી કોણ હતાં?
(અ) કોકીલબહેન વ્યાસ (બ) આયેશા બેગમ શેખ (ક) આનંદીબહેન પટેલ (ડ) **ઈન્દુમતીબહેન શેઠ**

75. ભારતના બંધારણના 73મા સુધારામાં અનુચ્છેદ 243 (ખ) હેઠળ ગ્રામ પંચાયત વિસ્તાર માટે 'ગ્રામ સભા' કઈ વ્યક્તિઓનું બનેલું મંડળ હોય છે?
(અ) ગ્રામ પંચાયત વિસ્તારમાં રહેતા દરેક કુટુંબના એક પુખ્ત વયના મતદારનું મંડળ
(બ) ગ્રામ પંચાયત વિસ્તારમાં રહેઠાણ ધરાવતા તમામ લોકોનું મંડળ
(ક) **પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામને લગતી મતદાર યાદીમાં નોંધાયેલી વ્યક્તિઓનું મંડળ**
(ડ) દુધ મંડળીમાં દૂધ ભરનાર પુખ્ત વયની વ્યક્તિઓનું મંડળ

76. કુ. માના પટેલે નેશનલ ગેઈમ્સમાં ત્રણ ગોલ્ડ મેડલ કઈ રમતમાં મેળવ્યા છે?
(અ) **સ્વિમિંગ** (બ) ચેસ (ક) ટેનિસ (ડ) રાઈફલ શુટીંગ

77. હિંદુ મુસ્લિમ એકતાના પ્રતીક સમું તીર્થ સ્થાન ક્યાં આવેલું છે?
(અ) મહેસાણા (બ) ગોધરા (ક) **પીરાણા** (ડ) વીરપુર

78. ગુજરાતમાં કયા મુખ્યમંત્રીના કાર્યકાળમાં 'ગોકુળ ગ્રામ યોજના' અમલમાં મુકાઈ હતી?
(અ) **કેશુભાઈ પટેલ** (બ) નરેન્દ્ર મોદી (ક) સુરેશ મહેતા (ડ) દિલીપ પરીખ

79. જો તારીખ 20 ફેબ્રુઆરી, 2016ના રોજ શનિવાર હોય તો, તારીખ 23 માર્ચ, 2016ના રોજ કયો વાર હશે?
(અ) રવિવાર (બ) **બુધવાર** (ક) મંગળવાર (ડ) ગુરુવાર

80. તમાકુમાં કયું ઝેરી તત્વ રહેલું છે?
(અ) રેનીન (બ) મોર્ફિન (ક) **નિકોટીન** (ડ) ટેનીન

81. લોકકલાના પ્રચારક જોરાવરસિંહ જાદવને શાના માટે N.C.E.R.T. નું પ્રથમ પારિતોષિક મળ્યું છે?
(અ) ડોશીનો દીકરો બાચડી લાવ્યો (બ) લોકજીવનનાં મોતી
(ક) **આપણા કસબીઓ ભાગ 1** (ડ) લોક સંસ્કૃતિમાં પશુઓ

82. મંદબુદ્ધિ અને શારીરિક ખોડખાંપણ ધરાવતા યુવક યુવતીઓની સુપુષ્ત શકિતઓ વિકસાવવા રાજ્ય સરકારની કઈ યોજના અમલમાં છે?
(અ) સુરદાસ (બ) ઉમ્મીદ (ક) **ઉમંગ** (ડ) ગોપાલ

83. સુપ્રીમ કોર્ટે અભિવ્યક્તિને અવરોધતી આઈ. ટી. એક્ટની કઈ કલમ રદ કરી છે?
(અ) 19 (2) (બ) 21 (ક) **66 (A)** (ડ) 19 (1) (A)

84. નીચે સરોવર/તળાવ અને શહેરના નામ આપ્યાં છે તેની યોગ્ય જોડનો સાચો ક્રમ કયો થશે?
1. શર્મિષ્ઠા તળાવ અ. પાટણ
2. ખાન સરોવર બ. સુરત

3. ચંદન તળાવ — ક. વડોદરા
4. ગોપી તળાવ — ડ. ડાકોર
ઈ. વડનગર

(અ) 1 - ક, 2 - ઈ, 3 - બ, 4 - અ (બ) **1 - ઈ, 2 - અ, 3 - ક, 4 - બ**
(ક) 1 - ડ, 2 - ક, 3 - બ, 4 - અ (ડ) 1 - બ, 2 - ડ, 3 - અ, 4 - ઈ

85. ભારતમાં પ્રતિ વર્ષ કયા સમયગાળામાં 'ફાયર સર્વિસ વીક'નું આયોજન થાય છે?
(અ) 24 એપ્રિલથી 30 એપ્રિલ (બ) 12 માર્ચથી 18 માર્ચ
(ક) 22 માર્ચથી 28 માર્ચ (ડ) **14 એપ્રિલથી 20 એપ્રિલ**

86. 25 વિદ્યાર્થીઓના એક વર્ગમાં ઉપરથી સમીરનું સ્થાન 13મું છે અને નીચેથી જયનું સ્થાન 19મું છે. વિરાટનું સ્થાન સમીર અને જયની એકદમ મધ્યમમાં હોય તો ઉપરથી વિરાટનું સ્થાન કયું હશે?
(અ) 11 (બ) 8 (ક) 9 (ડ) **10**

87. દેશની સર્વપ્રથમ 'સેમી હાઈસ્પીડ ટ્રેન - ગતિમાન એક્સપ્રેસ' કયાં બે શહેરો વચ્ચે દોડે છે?
(અ) મુંબઈ - અમદાવાદ (બ) **દિલ્હી - આગ્રા** (ક) મુંબઈ - પૂના (ડ) દિલ્હી - ચંદીગઢ

88. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે કયા સ્થળે મળેલ અધિવેશનમાં 'મૂળભૂત અધિકારો'ને બંધારણમાં સ્થાન આપવા ઠરાવ પસાર કર્યો હતો?
(અ) મદ્રાસ (બ) લાહોર (ક) **મુંબઈ** (ડ) કોલકાતા

Crack GPSC

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી

**Quality એટલે Crack GPSC**

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

આ એપ ડાઉનલોડ કરી ફ્રી ડેમો વિડિયો જુઓ, આપને ખરેખર લાગશે કે કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

ક્લાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, ક્લાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

Crack G GPSC

ક્રેક GPSC